ફેબ્રુઆરીમાં એજન્સીઓની મુદત પૂરી છતાં નવી નિમણૂક માટે છ મહિના બાદ કાર્યવાહી શરૂ

VMCમાં ક્વાલિટી કંટ્રોલ રામભરોસે!

થર્ડ પાર્ટી ચેકિંગ વિના જ છ મહિના સુધી ચાલી રહ્યા કરોડોના કામો

રૂ.૧૦ લાખથી વધુના વિકાસ કામોની ગુણવત્તા ચકાસવાની વ્યવસ્થા વચ્ચે તંત્રની બેદરકારી

છ મહિનામાં થયેલા કરોડોના કામોની ગુણવત્તા કોણે ચકાસી? કોન્ટ્રાક્ટરોને મોકળું મેદાન મળ્યાની ચર્ચા

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરા શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવતા વિવિધ વિકાસ કામોની ગુણવત્તા સામે અવારનવાર નાગરિકો અને વિપક્ષો તરફથી ગંભીર સવાલો ઉઠાવવામાં આવતા હોય છે. એક તરફ હલકી ગુણવત્તાના કામોને લઈને વિવાદો સર્જાય છે, તો બીજી તરફ પાલિકા તંત્રની ઘોર બેદરકારી પણ સામે આવી છે. શહેરના કરોડો રૂપિયાના વિકાસ કામોની ગુણવત્તા ચકાસવા માટેની 'થર્ડ પાર્ટી ઈન્સપેક્શન' ની જવાબદારી સંભાળતી ત્રણ સરકારી એજન્સીઓની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં, તંત્રને છ મહિના સુધી નવી એજન્સીઓની નિમણૂક કરવાનું યાદ જ ન આવ્યું!

મળતી માહિતી મુજબ, ગુણવત્તા ચકાસણીની જવાબદારી સંભાળતી એજન્સીઓની સેવા મુદત ફેબ્રુઆરી ૨૦૨૬માં જ પૂર્ણ થઈ ગઈ હતી. તેમ છતાં, પાલિકાના સત્તાધીશો અને અધિકારીઓ ઘોર નિંદ્રામાં રહ્યા અને ઈજારો પૂર્ણ થયાના આશરે છ મહિના બાદ હવે નવી એજન્સીઓની નિમણૂક કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

વડોદરા મહાનગરપાલિકાના વિવિધ વિભાગો દ્વારા હાથ ધરાતા વિકાસ કામોમાં ઉચ્ચ સ્તરની ગુણવત્તા જળવાઈ રહે તથા ટેન્ડરના ભાવપત્રકમાં નક્કી કરેલા સ્પેસિફિકેશન અને ધારાધોરણ મુજબ જ કામ થાય તે ખૂબ જરૂરી છે. આ હેતુથી જ રૂ. ૧૦ લાખથી વધુની રકમના કામોમાં સરકારની રજિસ્ટર્ડ કંપનીઓ કે સંસ્થાઓ મારફતે 'થર્ડ પાર્ટી ઈન્સપેક્શન' કરાવવાની નીતિગત વ્યવસ્થા વર્ષ ૨૦૦૬થી અમલમાં મૂકવામાં આવી છે.

આ વ્યવસ્થા હેઠળ વર્ષ ૨૦૦૭માં સમગ્ર સભાની મંજૂરી મેળવીને 'સર્ટિફિકેશન એન્જિનિયર્સ ઈન્ટરનેશનલ લિમિટેડ' ને કામગીરી સોંપાઈ હતી, જેને પ્રોજેક્ટ કોસ્ટના ૦.૬૯ ટકા મુજબ ચાર્જ ચૂકવવામાં આવતો હતો. ત્યાર બાદ વર્ષ ૨૦૧૪થી 'વોટર એન્ડ પાવર કન્સલ્ટન્સી સર્વિસિસ લિમિટેડ' સહિત અન્ય સરકારી એજન્સીઓને પણ આ કામગીરીમાં જોડવામાં આવી હતી.

તંત્રની આ પ્રકારની લાપરવાહી સામે હવે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. છેલ્લા છ મહિના દરમિયાન શહેરમાં જે કરોડો રૂપિયાના કામો થયા અથવા ચાલી રહ્યા છે, તેની ગુણવત્તાનું ચેકિંગ કઈ રીતે થયું? શું આ સમયગાળા દરમિયાન ગુણવત્તા સાથે કોઈ સમજૂતી કરવામાં આવી કે પછી કોન્ટ્રાક્ટરોને મોકળું મેદાન આપી દેવામાં આવ્યું? છ-છ મહિના સુધી ક્વાલિટી કંટ્રોલ જેવી અત્યંત મહત્વની બાબત પ્રત્યે દુર્લક્ષ સેવનાર જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવાશે કે કેમ તે અંગે પણ લોકમુખે ચર્ચાઓ જાગી છે.

પરિવારના ઝઘડાને પગલે UPથી પિસ્તોલ મંગાવી હતી

તરસાલીમાંથી પિસ્તોલ સાથે એક શખ્સ ઝડપાયો : વેચનાર બે વોન્ટેડ

વડોદરા SOGએ તરસાલીમાં રેડ કરી રૂ.૯૦ હજારની પિસ્તોલ કબજે કરી



(પ્રતિનિધિ) વડોદરા તા.19

પરિવારીક ઝઘડા ચાલતા હોવાને કારણે સુરક્ષા માટે પિસ્તોલની જરૂર પડશે જેથી યુવકે ઉત્તરપ્રદેશથી પિસ્તોલ મંગાવી હતી. જેની માહિતીના આધારે SOGની ટીમે તરસાલીમાં એક શખ્સને રૂ.૯૦ હજારની પિસ્તોલ સાથે ઝડપી પાડ્યો હતો. જ્યારે પિસ્તોલ ખરીદનાર અને સપ્લાયર સહિત બે આરોપીઓને પોલીસે વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ શરૂ કરી છે.

વડોદરા SOGની ટીમ પેટ્રોલિંગમાં હતી દરમિયાન મળેલી બાતમીના આધારે શીવમ ઉર્ફે સાધુ ગુલાબશંકર મિશ્રાને સાથે રાખી તરસાલીના વિશાલનગર ખાતે આવેલા મકાન નં.872માં તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન રૂ.૯૦ હજારની કિંમતની એક અનલોડેડ ફાયરઆર્મ્સ પિસ્તોલ મળી આવતા પોલીસે તેને કબજે કરી શીવમની ધરપકડ કરી હતી. પોલીસની પૂછપરછમાં શીવમે પિસ્તોલ ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ જિલ્લાના હાટા ગામે રહેતા આશુતોષ મિશ્રા પાસેથી ખરીદી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ આ પિસ્તોલ તેણે વડોદરામાં રહેતા પોતાના મિત્ર ગીરીશ મુળજી સોલંકીને રૂ.૯૦ હજારમાં વેચી હતી. પોલીસ તપાસમાં એવી વિગતો સામે આવી છે કે ગીરીશના ઉત્તરપ્રદેશ સ્થિત પરિવારમાં ઝઘડા ચાલી રહ્યા હોવાથી તેણે શીવમ પાસેથી પિસ્તોલ મંગાવી હતી. ગેરકાયદે રીતે અને કોઈપણ લાયસન્સ વિના હથિયાર રાખવા બદલ મકરપુરા પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ તથા હથિયારબંધીના જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે પિસ્તોલના સોદામાં સંડોવાયેલા અન્ય બે આરોપી ગીરીશભાઈ મુળજીભાઈ સોલંકી (રહે. મકાન નં.872, વિશાલનગર, તરસાલી, વડોદરા) અને આશુતોષ મિશ્રા (રહે. ગામ હાટા, જી. પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ) શોધખોળ શરૂ કરી છે અને હથિયાર ક્યાંથી આવ્યું તથા તેના નેટવર્કમાં અન્ય કોણ સંડોવાયેલા છે તે અંગે તપાસ હાથ ધરી છે.

સિક્યુરિટી ગાર્ડે વિદ્યાર્થિનીને રૂપિયા આપી સંબંધ બાંધવાની માગણી કરી

ગાર્ડ સતત કોલથી પરેશાન કરતી હોવાના કારણે ડરી ગયેલી વિદ્યાર્થીનીએ ૧૮૧ની મદદ લીધી

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરા નજીકની યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા આવેલી કેરળની વિદ્યાર્થીનીને ભાડાના મકાન પાસે ફરજ બજાવતા સિક્યુરિટી ગાર્ડ દ્વારા વારંવાર હેરાન કરવામાં આવતી હોવાનો આક્ષેપ કર્યો છે. સિક્યુરિટી ગાર્ડ દ્વારા વિદ્યાર્થીનીને રોકી જાતીય સંબંધની માંગણી કરવામાં આવતી તેમજ મિસ કોલ કરીને પરેશાન કરવામાં આવતી હોવાના કારણે ડરી ગયેલી વિદ્યાર્થીનીએ 181 મહિલા હેલ્પલાઈનમાં ફોન કરી મદદ માંગી હતી. અભયમની ટીમે સ્થળ પર પહોંચી વિદ્યાર્થીનીને સાંત્વના આપી પોલીસ ફરિયાદ કરાવવામાં મદદ કરી હતી.

કેરળની વિદ્યાર્થીની વડોદરા નજીકની એક ખાનગી યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે અને ભાડાના મકાનમાં રહે છે. વિદ્યાર્થીનીના જણાવ્યા મુજબ, તેના રહેઠાણ વિસ્તારમાં ફરજ બજાવતા સિક્યુરિટી ગાર્ડ દ્વારા અવારનવાર તેને રસ્તામાં રોકવામાં આવતી હતી અને તેની સાથે સંબંધ રાખવાનો પ્રયાસ કરવામાં આવતો હતો. આ ઉપરાંત, મિસ કોલ કરીને પણ તેને હેરાન કરવામાં આવતી હતી. ગત રોજ સિક્યુરિટી ગાર્ડે વિદ્યાર્થીનીને રસ્તામાં રોકી રૂપિયા આપવાની લાલચ આપી તેની સાથે શારીરિક સંબંધ બાંધવાની માંગણી કરી હતી. આ ઘટનાથી ગભરાયેલી વિદ્યાર્થીની ત્યાંથી પોતાના રૂમમાં દોડી ગઈ હતી અને પોતાના રક્ષણ માટે તાત્કાલિક 181 મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો.

અભયમ ટીમે વિદ્યાર્થીનીને સાંત્વના આપી તેની સુરક્ષા અને જરૂરી મદદ માટે ખાતરી આપી હતી. વિદ્યાર્થીનીએ આગળ કોઈ પ્રકારની હેરાનગતિ ન થાય અને સુરક્ષિત વાતાવરણમાં પોતાનો અભ્યાસ પૂર્ણ કરી શકે તે માટે રક્ષણ આપી અભયમ બાપોદની ટીમ દ્વારા નજીકના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરાઈ હતી.

અમરોલીમાં પત્નીના અવસાન બાદ માનસિક બીમારીથી પીડાતા આધેડે ફાંસો ખાધો

સુરતઃ અમરોલીમાં પત્નીના અવસાન બાદ માનસિક બીમારીથી પીડિતા આધેડે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ ભાવનગરના ગારીયાધાર તાલુકાના સુરનગર ગામના વતની કિશોરભાઈ નાગજીભાઈ મુંજપરા (ઉં.વ.56) હાલમાં અમરોલી ન્યુ કોસાડ રોડ પર આવેલ લોટસ રેસિડેન્સીમાં ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા અને હીરાના કારખાનામાં કામ કરતાં હતા. તેમની પત્નીનું બીમારીમાં અવસાન થયું હતું. કિશોરભાઈ પત્નીના અવસાન બાદ માનસિક બીમારીથી પીડાતા હતા. જે બીમારીથી કંટાળી મંગળવારે રાત્રે કિશોરભાઈએ બેડરૂમમાં પંખા સાથે ધોતી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે નાની નાની બાબતોમાં આપઘાતની ઘટના વધી રહી છે.

એમજી રોડ પર મોડીરાત સુધી ગેરકાયદે લારી-ગલ્લા

દબાણ હટાવવામાં પાલિકાની 'વહાલા-દવલા'ની નીતિ : ચાર દરવાજા વિસ્તારોમાં ટ્રાફિક સમસ્યા

લહેરીપુરાથી માંડવી રોડ પર ૨ વાર કાર્યવાહી કરી ૪ ટ્રક સામાન જપ્ત કરાયો, પણ અન્ય ગીચ વિસ્તારોમાં દબાણ શાખાની રહેમનજર

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરા શહેરના ઐતિહાસિક ચાર દરવાજા વિસ્તાર સહિત ફતેપુરા, યાકુતપુરા, પાણીગેટ, વાડી અને ચોખંડીમાં સાંજ પડતાં ગેરકાયદે ખાણીપીણીના દબાણો વધી રહ્યા છે. લારીઓ, પાથરણાં અને અનધિકૃત સ્ટોલના કારણે આ વિસ્તારો જાણે રાત્રી બજારમાં ફેરવાઈ રહ્યા છે. જેના પગલે સ્થાનિક રહીશો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ચાર દરવાજા વિસ્તારના મુખ્ય માર્ગો પર સાંજે ૬થી રાત્રે ૧ વાગ્યા સુધી લારી-ગલ્લા ઉભા કરી દેવાય છે. ગ્રાહકો વાહનો રસ્તા પર આડેધડ પાર્ક કરતા માર્ગ સાંકડા બની જાય છે અને રાત્રિના સમયે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. ઈમરજન્સી સેવાઓ સહિત સામાન્ય વાહનચાલકો પણ લાંબા સમય સુધી ટ્રાફિકમાં ફસાઈ જાય છે.

અનધિકૃત દબાણોની ફરિયાદોને પગલે પાલિકાની દબાણ શાખાએ ગઈકાલે લહેરીપુરા દરવાજાથી માંડવી સુધીના માર્ગ પર એક જ દિવસમાં બે વખત કાર્યવાહી કરી હતી. બપોરે ૪ વાગ્યે દબાણો હટાવ્યા બાદ ફરી લારીઓ ઉભી થતાં રાત્રે ૯ વાગ્યે સરપ્રાઈઝ ચેકિંગ કરાયું હતું. કાર્યવાહી દરમિયાન ચાર ટ્રક ભરીને ગેરકાયદે સામાન તથા લારી-ગલ્લા જપ્ત કરવામાં આવ્યા હતા.

જોકે, એક તરફ લહેરીપુરા-માંડવી રોડ પર કાર્યવાહી થઈ રહી છે, ત્યારે ફતેપુરા, યાકુતપુરા, વાડી અને ચોખંડીમાં સાંજે ઉભા થતાં દબાણો સામે કાર્યવાહી નહીં થતી હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે. ચોક્કસ વિસ્તારોને જ નિશાન બનાવાતાં પાલિકાની 'વહાલા-દવલા'ની નીતિ સામે રોષ છે. સમગ્ર ચાર દરવાજા વિસ્તારમાં સમાન ધોરણે દબાણ હટાવવાની તેમજ કાયમી દેખરેખ રાખવાની માંગ ઉઠી છે.

નશામાં ધૂત કાર ચાલકનો આતંક, મોપેડ સવાર દંપતીને અડફેટે લીધા

અક્ષરચોક ખાતે અકસ્માત બાદ દાદાગીરી,રોષે ભરાયેલા લોકોએ મેથીપાક ચખાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.19

વડોદરા શહેરમાં રાત્રિના સમયે નશામાં ધૂત કાર ચાલકોનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે. અક્ષરચોક ખાતે નશામાં ધૂત કાર ચાલકે મોપેડ સવાર દંપતીને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો.

અક્ષર ચોક પાસે સર્જાયેલા અકસ્માતમાં ઈજાગ્રસ્ત દંપતીએ આક્ષેપ કર્યો છે કે, અકસ્માત કરનાર કારમાં સવાર બે ઈસમો ચાલુ કારમાં દારૂની મહેફિલ માણી રહ્યા હતા. કારમાં દારૂની બોટલ પણ હોવાનું દંપતીએ જણાવ્યું છે. અકસ્માત બાદ કારમાંથી નીચે ઉતરેલા એક ઈસમે દાદાગીરી કરવાનો પ્રયાસ કરતા આસપાસના લોકો રોષે ભરાયા હતા. રોષે ભરાયેલા લોકોએ તેને મેથીપાક ચખાડ્યો હતો. લોકોનો રોષ જોઈને કાર ચાલક તક જોઈને કાર લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ જેપી રોડ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે અકસ્માતમાં સામેલ એક ઈસમની અટકાયત કરી છે, જ્યારે ફરાર કાર ચાલકની શોધખોળ હાથ ધરવામાં આવી છે. ઈજાગ્રસ્ત દંપતીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પોલીસે કાર ચાલક વિરુદ્ધ દારૂ પીને વાહન ચલાવવા અને અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ભાથીજી મંદિર પાસે જુગાર રમાતો હોય કપુરાઈ પોલીસે રેડ કરી

ભાલીયાપુરામાં ચાલતા શ્રાવણીયા જુગાર પર પોલીસનો દરોડો, ૯ ખેલી ઝડપાયા

રોકડ અને બે મોબાઈલ સહિતનો ૨૩ હજારનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા તા 19

વડોદરા શહેર નજીક ભાલીયાપુરા ગામમાં ભાથીજી મંદિર પાસે ચાલતા જુગારધામ પર કપુરાઈ પોલીસે દરોડો પાડતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે સ્થળ પરથી જુગાર રમતા નવ શખ્સોને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રોકડ રકમ, બે મોબાઈલ ફોન અને પત્તા-પાના સહિત કુલ રૂ.23 હજારનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કપુરાઈ પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.સી. રાઓલની સૂચના મુજબ પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે, ભાલીયાપુરા ગામમાં ભાથીજી મંદિર પાસે કેટલાક શખ્સો ભેગા થઈ પત્તા વડે જુગાર રમી રહ્યા છે. બાતમીને આધારે પોલીસ ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો.

પોલીસને જોઈ જુગારીઓમાં નાસભાગ મચી હતી, પરંતુ પોલીસે ઘેરાબંધી કરી નવ ખેલીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓની અંગઝડતી તથા સ્થળ તપાસ દરમિયાન રોકડ રકમ, બે મોબાઈલ ફોન અને પત્તા-પાના સહિત કુલ રૂ.23 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે પકડાયેલા આરોપીઓ પ્રણવ જગદીશ ઠાકરડા, ઉપેન્દ્ર ઉદેસીંગ ઠાકરડા, નવઘણ અંબાલાલ ઠાકરડા, કરણ સંજય ઠાકરડા, વિશાલ દશરથ ઠાકરડા, ભરત ઠાકોર તડવી, જીતેન્દ્ર દિલીપ ઠાકરડા, ધર્મેશ ગોવિંદ ઠાકરડા અને કિશન શંકર ઠાકરડા સામે જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

ગંદકી કરનાર સામે મનપાની લાલ આંખ

૧૭ દિવસમાં રૂ.૧૦.૮૫ લાખથી વધુનો દંડ

૪૦ નાઈટ ડ્રાઈવમાં રૂ.૩.૫૦ લાખનો દંડ, C&D વેસ્ટ મામલે પણ રૂ.૫.૧૭ લાખની વસૂલાત

સિંગલ યુઝ પ્લાસ્ટિકના ૩૫.૭૦ કિલો જથ્થા સાથે રૂ.૧.૧૭ લાખનો દંડ, કાર્યવાહી વધુ સઘન બનશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ અને પર્યાવરણમિત્ર બનાવવા સોલિડ વેસ્ટ શાખા દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જાહેર રસ્તા, બજારો, શાકભાજી માર્કેટ, બ્રિજ, સર્કલ સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં નિયમિત સફાઈ સાથે ગંદકી ફેલાવનાર સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સ્વચ્છતા જાળવવા મનપા દ્વારા રાત્રિના સમયે ખાસ 'નાઈટ ડ્રાઈવ' શરૂ કરવામાં આવી છે. જુલાઈ દરમિયાન 34 નાઈટ ડ્રાઈવમાં રૂ.3,63,500નો દંડ વસૂલાયો હતો. જ્યારે 1થી 17 ઓગસ્ટ દરમિયાન 40 નાઈટ ડ્રાઈવ યોજાઈ હતી, જેમાં રૂ.3,50,950નો દંડ કરાયો છે. છાણી, ફતેહગંજ, નિઝામપુરા, ન્યુ વીઆઈપી રોડ, પાણીગેટ, કારેલીબાગ, ગોત્રી-વાસણા રોડ અને મકરપુરા સહિતના વિસ્તારોમાં કાર્યવાહી થઈ હતી.

બાંધકામ અને ડિમોલિશન વેસ્ટનો ગેરકાયદે નિકાલ કરનાર સાઈટ માલિકો, ડેવલપરો અને કોન્ટ્રાક્ટરો સામે પણ વિશેષ ઝુંબેશ હાથ ધરાઈ છે. 1થી 17 ઓગસ્ટ દરમિયાન C|D વેસ્ટ મામલે રૂ.5,17,300નો દંડ વસૂલાયો છે.

આ ઉપરાંત પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિક સામેની કાર્યવાહીમાં 17 દિવસમાં રૂ.1,17,500નો દંડ વસૂલવા સાથે 35.70 કિલો પ્લાસ્ટિક જપ્ત કરાયું છે. મનપાએ નાગરિકો અને વેપારીઓને જાહેર સ્થળે કચરો ન ફેંકવા તથા કચરા એકત્ર કરવાની વ્યવસ્થાનો ઉપયોગ કરવા અપીલ કરી છે. આગામી દિવસોમાં કાર્યવાહી વધુ સઘન બનાવાશે.

'જુગાડી સમોસા કેફે'માંથી ચોંકાવનારો કિસ્સો

ઉમા ચાર રસ્તા પાસે કેફેમાં સીલબંધ 'માઝા' બોટલમાંથી નીકળ્યું કાળું પ્રવાહી

સેમ્પલની લેબોરેટરી તપાસ કરાવી જવાબદારો સામે કાર્યવાહી કરવાની ગ્રાહકોની માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

શહેરના ઉમા ચાર રસ્તાથી વાઘોડિયા રોડ તરફ જતા માર્ગ પર આવેલા 'જુગાડી સમોસા કેફે'માંથી ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કેફેમાં બ્રાન્ડેડ 'માઝા' સોફ્ટ ડ્રિંકની સીલબંધ બોટલમાંથી મેંગો ફ્લેવર્ડ ડ્રિંકને બદલે કાળા રંગનું શંકાસ્પદ પ્રવાહી મળી આવતાં ખાદ્યપદાર્થોની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

માઝાની સીલબંધ બોટલમાં સામાન્ય રીતે મેંગો ફ્લેવર્ડ પીણું હોવું જોઈએ, ત્યારે તેમાં કાળા રંગનું પ્રવાહી મળી આવતાં બોટલિંગ પ્રક્રિયા અંગે પણ પ્રશ્નો ઉઠ્યા છે. આવા શંકાસ્પદ પીણાના સેવનથી ગ્રાહકોના આરોગ્ય પર વિપરીત અસર થવાની શક્યતા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ખાસ કરીને ફૂડ પોઈઝનિંગ જેવી સ્થિતિ સર્જાય તો જવાબદારી કોની રહેશે તે અંગે પણ ચર્ચા શરૂ થઈ છે.

ઘટના અંગે કેફે સંચાલકનો સંપર્ક કરતાં તેમણે પોતાનો બચાવ કર્યો હતો. તેમના જણાવ્યા મુજબ, આ મામલે કેફેનો કોઈ વાંક નથી અને બોટલિંગ કે સપ્લાય કરતી એજન્સી અથવા કંપનીની ભૂલ હોઈ શકે છે.

હવે પાલિકાના ખાદ્ય વિભાગ દ્વારા સમગ્ર મામલે તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. શંકાસ્પદ બોટલનો સેમ્પલ લઈ અધિકૃત લેબોરેટરીમાં તપાસ કરાવવી તથા તપાસના પરિણામના આધારે જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ ગ્રાહકો અને સ્થાનિકો કરી રહ્યા છે.

કોન્ટ્રાક્ટરોના બિલ અને કર્મચારીઓના ચુકવણા અટવાશે?

વડોદરા પાલિકાની તિજોરીમાં 'તંગી'ના સંકેતઃ ૧૫ દિવસમાં રૂ.૨૪૮ કરોડની ખાધ

૧૨૨ કરોડની કમાણી સામે ૩૭૦ કરોડથી વધુ ઉપાડ

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરા મહાનગરપાલિકા ની નાણાકીય તંદુરસ્તી દિન-પ્રતિદિન વધુ કથળી રહી હોવાના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. પાલિકાની તિજોરીમાં છેલ્લા બે સપ્તાહ દરમિયાન માત્ર રૂ. ૧૨૨ કરોડની જ આવક જમા થઈ છે, જેની સામે જાવકનો આંકડો રૂ. ૩૭૦ કરોડથી પણ વધી ગયો છે. આમ, માત્ર ૧૫ દિવસના ટૂંકા ગાળામાં જ પાલિકાની આવક અને ખર્ચ વચ્ચે રૂ. ૨૪૮ કરોડથી વધુની વિરાટ ખાધ નોંધાતા પાલિકા તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

આવક વધારવા અને ખર્ચ કાપવા મથામણ

તિજોરી તળિયાઝાટક થવાની સ્થિતિમાં આવતા પાલિકાના ઉચ્ચ અધિકારીઓ અને શાસકો હરકતમાં આવ્યા છે. બાકી નીકળતા પ્રોપર્ટી ટેક્સ અને વોટર ટેક્સની કડક વસૂલાત માટે ઝુંબેશ ઝડપી બનાવવા આદેશો આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, બિનજરૂરી ખર્ચ પર કાપ મૂકવા અને માત્ર અત્યાવશ્યક સેવાઓ માટે જ નાણાં છૂટા કરવાની દિશામાં વહીવટી તંત્ર દ્વારા વિચારણા શરૂ કરવામાં આવી છે.

મહાનગરપાલિકાના નાણા વિભાગના ચોપડે નોંધાયેલા આંકડાકીય વિગતો અનુસાર, છેલ્લા પંદર દિવસમાં વેરા વસૂલાત, ગ્રાન્ટ અને અન્ય મહેસૂલી સ્ત્રોતોમાંથી પાલિકાને રૂ. ૧૨૨ કરોડની આવક થઈ હતી. જોકે, તેની સામે જારી કરાયેલા ચુકવણા, કોન્ટ્રાક્ટરોના બિલ, દૈનિક વહિવટી ખર્ચ અને વિકાસકામોની જાવક મળીને કુલ ખર્ચ રૂ. ૩૭૦ કરોડથી પણ વધી જવા પામ્યો છે. આવકની સરખામણીએ ખર્ચનો આંકડો લગભગ ત્રણ ગણો વધારે હોવાથી પાલિકાની નાણાકીય સમતુલા પૂરી રીતે ખોરવાઈ ગઈ છે.

વધતા ખર્ચ અને ઘટેલી આવકના કારણે પાલિકા માટે દૈનિક વહીવટ ચલાવવો તેમજ હાથ ધરાયેલા વિકાસકામોના રનિંગ બિલ ચૂકવવા મુશ્કેલ બની રહ્યા છે. વિવિધ સિક્યોરિટી ડિપોઝિટ, કોન્ટ્રાક્ટરોના જૂના બિલ તેમજ અન્ય ચુકવણાઓ સમયસર ન થતાં હવે કોન્ટ્રાક્ટરોમાં પણ અસંતોષ વ્યાપી રહ્યો છે. અગાઉથી જ આર્થિક બોજ હેઠળ દબાયેલી વડોદરા મહાનગરપાલિકા માટે આગામી દિવસોમાં કર્મચારીઓના પગાર, પેન્શન અને અનિવાર્ય સેવાઓ પૂરી પાડવી એ એક મોટો પડકાર બની રહેશે.

શહેરમાં ચાલી રહેલા રોડ રસ્તા, ડ્રેનેજ, પાણી પુરવઠા અને બ્રિજ નિર્માણ જેવા કરોડો રૂપિયાના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ્સ પર આ આર્થિક ખેંચની સીધી અસર પડી શકે છે. જો પાલિકાની આવકમાં તાત્કાલિક સુધારો નહીં થાય અથવા રાજ્ય સરકાર તરફથી વિશેષ ગ્રાન્ટ કે નાણાકીય સહાય પૂરી પાડવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં ચાલુ વિકાસકામો અટકી જવાની કે મંદ પડી જવાની પૂરેપૂરી શક્યતા છે.

ગુજરાત બન્યું રેસ્ટોરાં ઉદ્યોગનું નવું વિકાસ કેન્દ્ર

NRAIની ૫મી ફૂડ ડિલિવરી સમિટ પૂર્વે ગુજરાતના ઝડપથી વિકસતા ફૂડ માર્કેટ પર ફોકસ

(પ્રતિનિધિ) વડોદરા તા.19

નેશનલ રેસ્ટોરન્ટ એસોસિયેશન ઓફ ઈન્ડિયા (NRAI)એ ગુજરાતને ભારતના રેસ્ટોરાં અને ફૂડ સર્વિસ ઉદ્યોગ માટે ઉભરતા મહત્વપૂર્ણ વિકાસ કેન્દ્ર તરીકે રજૂ કર્યું છે. 20 ઓગસ્ટે અમદાવાદમાં યોજાનારી 5મી NRAI ફૂડ ડિલિવરી સમિટ પૂર્વે યોજાયેલી પત્રકાર પરિષદમાં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના વિકસતા ફૂડ માર્કેટ તેમજ ગિફ્ટ સિટીથી ઊભી થતી નવી તકો પર ચર્ચા થઈ હતી.

માત્ર અમદાવાદમાં જ કેફે અને ક્યૂએસઆર સહિત 20,000થી વધુ રેસ્ટોરાં છે અને શહેરનું રેસ્ટોરાં ક્ષેત્ર વાર્ષિક 10થી 12 ટકા વૃદ્ધિ પામતું હોવાનું અનુમાન છે. રાજ્યના ચાર મુખ્ય શહેરોમાં NRAIના 500થી વધુ સભ્યો છે. ગુજરાતમાંથી ઉભરી આવેલી સ્થાનિક બ્રાન્ડ્સ હવે રાજ્ય બહાર પણ વિસ્તરણ કરી રહી છે. NRAIના વાઈસ પ્રેસિડેન્ટ પ્રણવ રૂંગટાએ જણાવ્યું કે ઉદ્યોગસાહસિકતા, બદલાતી ગ્રાહક પસંદગીઓ અને ગિફ્ટ સિટી જેવા નવા બિઝનેસ કેન્દ્રો ગુજરાતને રેસ્ટોરાં ઉદ્યોગના ભવિષ્ય માટે મહત્વપૂર્ણ બજાર બનાવે છે. ગિફ્ટ સિટીથી બિઝનેસ ડાઈનિંગ, કોર્પોરેટ કેટરિંગ, પ્રીમિયમ ફૂડ અને હોસ્પિટાલિટી ક્ષેત્રે નવી તકો ઊભી થઈ રહી છે. સાથે જ મેનુ આયોજન, માંગનું અનુમાન, ઈન્વેન્ટરી, ઓર્ડરિંગ અને ગ્રાહક જોડાણમાં AI તથા ટેક્નોલોજીનો ઉપયોગ પણ વધી રહ્યો છે. 20 ઓગસ્ટની સમિટમાં 5,000થી વધુ પ્રતિનિધિઓ, 70થી વધુ વક્તાઓ અને 1,500થી વધુ બ્રાન્ડ્સ ભાગ લેશે. સમિટમાં ફ્રેન્ચાઈઝિંગ, ડાયરેક્ટ ઓર્ડરિંગ, AI, ગ્રાહક વફાદારી, રેસ્ટોરાં વેલ્યુએશન અને ગિફ્ટ સિટી સહિતના વિષયો પર ચર્ચા થશે. NRAIના 2024ના અહેવાલ મુજબ ભારતનું ફૂડ સર્વિસ માર્કેટ 2024માં રૂ. 5.69 લાખ કરોડનું હતું, જે 2028 સુધીમાં રૂ. 7.76 લાખ કરોડ થવાની ધારણા છે.

મધુર નીટ ક્રાફ્ટ્સનો IPO ૨૪ ઓગસ્ટે ખુલશે

વડોદરાઃ ધાબળા, નિટેડ ફેબ્રિક અને ગારમેન્ટ્સના ઉત્પાદન ક્ષેત્રે કાર્યરત મધુર નીટ ક્રાફ્ટ્સ લિમિટેડનો ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (IPO) સોમવાર, 24 ઓગસ્ટે ખુલશે અને ગુરુવાર, 27 ઓગસ્ટે બંધ થશે. કંપનીનો IPO NSE Emerge પ્લેટફોર્મ પર લિસ્ટિંગના હેતુથી છે. IPO હેઠળ 10ની ફેસ વેલ્યુ ધરાવતા કુલ 53,26,800 ઈક્વિટી શેર ઓફર કરવામાં આવશે. પ્રાઈસ બેન્ડ 95થી 100 પ્રતિ શેર નક્કી કરાયો છે, જેના આધારે IPOનું કદ અપર પ્રાઈસ બેન્ડ પર 53.27 કરોડ રહેશે. લોટ સાઈઝ 1,200